# ડીસા કૃષિ મહોત્સવમાં મુખ્યમંત્રીના કોંગ્રેસ પર આકરા પ્રહારો

ડીસા, તા. ૨૦

આજે બનાસકાંઠાના ડીસા માર્કેટયાર્ડ ખાતે મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં અને કેન્દ્રીય મંત્રી સ્મૃતી ઈરાની તેમજ હરિભાઈ ચોધરીની હાજરીમાં કૃષિ મહોત્સવ યોજાયો હતો. જેમાં સાથે જાહેર કર્યુ હતું.

આજે બનાસકાંઠાના ડીસા માર્કેટયાર્ડ ખાતે યોજાયેલા કૃષિ મહોત્સવ ૨૦૧૭ના સેમીનાર અને પ્રદર્શનમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અધ્યક્ષસ્થાને હાજર રહ્યા હતા. જેમની સાથે આજના આ સમારોહમાં મોટી સંખ્યામાં આવેલા ખેડૂતોને સંબોધતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોંગ્રેસ શાસન સમય ખેડૂતો માટે કપરો હતો અને ખેડૂતો વીજળી તેમજ પાણી માટે વલખા મારતા હતા, ત્યારે કોંગ્રેસ સરકારે કેટલાક કેસોમાં મગફળી ટેકા ભાવથી ખરીદી ખેડૂતોની પીડામાં સાથ આપ્યો હતો તેમજ તુવેરની દાળ પોણા બે લાખ ટન ટેકા ભાવથી સરકારે ખરીદી ભાજપ ખેડૂત હિતની સરકારની પ્રતીતિ કરાવી હતી, ખેડૂતોના હિતમાં સરકારી આધુનિક પધ્ધતિથી હરિયાળી ક્રાંતિ આવ્યાનો પણ ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રીએ ખેડૂતોમાં પ્રેરણાદાયી બનેલ અને પદ્મવિભૂષણ વિનર ગેનાજી માલી ગુજરાતનુ ગૌરવ હોવાનું જણાવ્યું હતું. તે સાથ અન્ય ખેડૂતોમાં વડગામના ભીખાજી, થરાદના





વિરોધ કરનાર કોંગ્રેસના ૨૦૦ જેટલા કાર્યકરોને પોલીસે ડીટેઈન કર્યા હતા. જો કે મુખ્યમંત્રી રૂપાણીએ કોંગ્રસ પર આકરા પ્રહારો કર્યા હતા અને છેલ્લા ૧૫ વર્ષમાં ગુજરાતમાં ખેડૂતોનો સર્વાંગી વિકાસ થયાનું આંકડાકીય માહિતિ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની, કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચોધરી, ગુજરાત સરકાર મંત્રી શંકરભાઈ ચોધરી, મંત્રી કેશાજી ચોહાણ, દિલીપભાઈ ઠાકોર,સાંસદ લીલાધરભાઈ વાઘેલા સહીત અનેક ભાજપી મંત્રી આગેવાન હાજર રહ્યા હતા. જેમાં ખેડૂતોને ગોળીઓ મારી હતી તેનો ઉલ્લેખ કરી કોંગ્રેસની ખેડૂત નીતિ પર આકરા પ્રહારો કર્યા હતા.

રૂપાણીએ જણાવ્યું હતુ કે અમારી સરકારે દિવાળીના દિવસોમાં મગફળી ટેકાના ભાવથી ખરીદી હતી અને ૯૦૦ કરોડની સૉએલ હેલ્થ કાર્ડ, ટપક પધ્ધતિથી ખેડૂત સમૃધ્ધ બન્યા છે ત્યારે કોંગ્રેસ શાસનમાં ભૂતકાળમાં બનાસકાંઠામાં નપાણીયા વિસ્તાર અને ધુલિયા વિસ્તાર તરીકે હતી ઓળખ હવે બદલાઈ છે અને ખેડૂતોના હિતમાં નર્મદાના નીરથી બનાસકાંઠામાં ત્રિકમજી, પાટણના બીનીતાબેન પશુપાલનમાં અગ્રેસર ખેડૂત હોઈ તમામની પ્રસંસા કરી હતી. જેમાં દાડમ, દૂધ ઉત્પાદન, અને ડ્રિપ ઈરિગેશનમાં બનાસકાંઠા અગ્રેસર હોઈ ખેડૂતોને અભિનંદન આપ્યા હતા.

# દાંતા તાલુકાના મીડીયાકર્મીઓ દ્વારા પોતાના વાહનો પરથી પ્રેસ લખેલ લખાણ દુર કરાયું

ગુજરાતમાં કેટલાક વાહનો ઉપર પ્રેસ લખેલા વાહનોમાં માદક પદાર્થોની થતી હેરાફેરી તેમજ પ્રેસ લખેલા વાહનોનો અસામાજિક તત્વો દ્વારા થતા દૂર ઉપયોગના પગલે દાંતા તાલુકાના દ્વારા પોતાના વાહનો પર પ્રેસ નહિ લખવાનો નિર્ણય લઈ પોલીસ તંત્રને સહયોગી બન્યું છે.

જેને લઈ દાંતા તાલુકા તમામ પત્રકારો એકત્રિત થઈ પોલીસના સહકારથી પોતાના વાહનો પર લખેલા લખાણને દૂર કરવાનો એક કાર્યક્રમ યોજ્યો હતો. આ કાર્યને પોલીસે પણ બિરદાવ્યું છે અને અંબાજી એક મોટું યાત્રાધામ છે જેને ઝેડ કેટેગરીની સુરક્ષા કવચ આપયું છે તયારે કોઈ અસામાજિક તત્વ પ્રેસ લખેલા વાહનોનો દૂર ઉપયોગ કરી કોઈ ગેરપ્રવુતિ ન કરી જાય તેના માટે રાજ્યમાં સૌ પ્રથમ અંબાજીને દાંતા વિસ્તારના તમામ પત્રકારોએ પોતાના વાહનો પરથી પ્રેસનું લખાણ



દૂર કરી સુરક્ષા ને સહભાગી બન્યું હોય ત્યારે પોલીસ વિભાગ દ્વારા પણ આવા મોટા યાત્રાધામો માં પ્રેસ લખેલા આવતા વાહનો સામે કડક હાથે કામ લે તેવી મીડિયાકર્મીઓ દ્વારા માંગ કરાઈ છે આ સમગ્ર બાબત નેદાંતા તાલુકા પ્રત્રકાર સંઘ એ પોતાનુ સમર્થન જાહેરકર્યુ હતુ.

# યુથ હોસ્ટેલ્સ પાલનપુર યુનિટ દ્વારા ત્રિ-દિવસીય ટ્રેકિંગ પ્રોગ્રામનું આયોજન

પાલનપુર, તા. ૨૦

યુવાવિકાસની પ્રવૃત્તિઓને વરેલી સંસ્થા યુથ હોસ્ટેલ્સ પાલનપુર



યુનિટ દ્વારા માઉન્ટ આબુ ખાતે ત્રણ દિવસ અને બે રાત્રીનો ટ્રેકિંગ કેમ્પ ગત તા. ૧૩, ૧૪ અને ૧૫ મે ના રોજ યોજાઈ ગયો. આ ટ્રેકિંગ પ્રોગ્રામમાં ગુજરાતભરમાંથી કુલ ૬૦ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. જેમાં અડધા જેટલી મહિલાઓ હતી. ટ્રેકિંગ પ્રોગ્રામમાં આબુ પર્વતના ડુંગરાળ વિસ્તારોમાં વન પરિભ્રમણ અને ટ્રેકિંગ સિવાય યુવાવિકાસને લગતી અનેક પ્રવૃત્તિઓ થઈ.

ટ્રેકિંગ પ્રોગ્રામમાં ગોલ્ડન હોર્ન ચીમની, માઉન્ટ આબુનો પ્રાચીન રસ્તો, ટાઈગર પથ, હન્ટિંગ હાઉસ, પુરાતન વાવ, લીમડી કોઠી ગુફાઓ વગેરે સ્થળોની મુલાકાત લીધી. યુવાઓએ પર્વતીય વિસ્તારોમાં પોતાનો રસ્તો જાતે શોધવાની પ્રવૃત્તિ



રૂટ ફાઈન્ડીંગ અને ગુફાઓમાંથી સરકીને પસાર થવાની પ્રવૃત્તિ કેવિંગની હોંશે હોંશે મજા લીધી. અંધારાનો ડર દૂર કરવાનો વિશેષ કાર્યક્રમ નાઈટ ટ્રેકિંગ પણ યોજવામાં આવ્યો. જેમાં સહભાગીઓએ ચાંદનીના અજવાળામાં પર્વતોના સૌંદર્યને મન ભરીને માણ્યું. આ ઉપરાંત સાહસનો રોમાંચ માણવા માટે વિવિધ એડવેન્ચર સ્પોર્ટસમાં પણ યુવાજનોએ ઉત્સાહભેર ભાગ લીધો.

યુથ હોસ્ટેલ્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના પાલનપુર યુનિટનું હોસ્ટેલિંગ ઈન્ટરનેશનલ સાથે એફીલેશન છે. આ સંસ્થા ખુબજ ઓછા ખર્ચે ટ્રેકિંગના પ્રોગ્રામો આયોજિત કરવા માટે જાણીતી છે. સંસ્થા વિષે વધુ માહિતી આપતી એન્ડ્રોઈડ એપ **Youth Hostels palanpur** પ્લે સ્ટોરમાં ઉપલબ્ધ છે.

# મોડાસાના બાજકોટ પાસેથી ટાટા સફારી જીપમાં વિદેશી દારૂની ખેપ મારતા ૩ બુટલેગરો ઝડપાયા

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના બાજકોટ ગામની સીમમાંથી રેલ્લાવાડા તરફ જતા માર્ગ પરથી શનિવારે બપોરે મોડાસા ટાઉન પોલીસે



પસાર થતી ટાટા સફારી જીપ ગાડીમાંથી ૭૨ હજાર રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી જીપગાડી ચાલક સહિત અન્ય બે શખ્સોની અટકાયત કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા. મોડાસા ટાઉન પોલીસે ૩ બુટલેગરો સામે પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લામાં જિલ્લા પોલીસતંત્ર દ્વારા જિલ્લાની આંતરરાજ્ય સરહદો પર સઘન પેટ્રોલીંગ હાથ ધરતા વિદેશી દારૂ ઘુસાડવા પ્રયત્નશીલ બુટલેગરો વિદેશી દારૂનો જથ્થો ઘુસાડવા માટે લક્ઝયુરીયર્સ કારનો ઉપયોગ કરી યેનકેન પ્રકારે વિદેશી દારૂ ઘુસાડવા સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. મોડાસા ટાઉન પોલીસે મોડાસા શહેરની આજુબાજુ સઘન પેટ્રોલીંગ હાથ ધરતા મોડાસા નજીક આવેલા બાજકોટ ગામની સીમમાંથી રેલ્લાવાડા જવાના માર્ગ પરથી પસાર થતી ટાટા સફારી જીપ ગાડી (ગાડી નં. જીજે.૧૨.બીએફ.૪૧૧૦)ને અટકાવી તલાશી લેતા અંદરના ભાગેથી ગેરકાયદેસર વગર પાસ પરમીટના વિદેશી દારૂની પેટી નંગ-૧૩ તથા છુટી બોટલો નંગ-૨૪ મળી કુલ બોટલ નંગ ૧૮૦ કિંમત રૂ. ૭૨૦૦૦ તથા સફારી ગાડીની કિંમત રૂ. ૫ લાખ અને મોબાઈલ નંગ-૧ રૂ. ૫૦૦ મળી કુલ રૂ. ૫૭૨૫૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી ટાટા સફારી ચાલક નરેન્દ્રકુમાર શનાજી ઠાકોર (રહે. તરપોજ વાસ, જીઈબી રોડ, પેથાપુર, ગાંધીનગર) અને વિદેશી દારૂ ઘુસાડવામાં મદદગારી કરનાર પ્રવીણકુમાર કાળીદાસ બારોટ (રહે. વૈકુઠ સોસાયટી, વાઘોડીયા, વડોદરા) અને દિગ્વીજયસિંહ ઘનશ્યામસિંહ ચાવડા (રહે. વરસોડા, બે માઢ, તા. માણસા)ને ઝડપી પાડી મોડાસા ટાઉન પોલીસે ૩ શખ્સો વિરૂદ્ધ પ્રોહી કલમ ૬૫(એ) (ઈ), ૧૧૬ (બી), ૮૧,૮૩,૯૮, ૯૯ મુજબ ગુન્હો નોંધીજેલના સળીયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મોડાસાની વિદ્યાર્થિની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પરીક્ષામાં પ્રથમ નંબરે

મોડાસા, તા. ૧૯

ધી મ.લા. ગાંધી ઉચ્ચત્તર



કેળવણી મંડળ સંચાલિત અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની માન્યતા ધરાવતી મોડાસાની શ્રીમતી વિલાસબેન વ્રજમોહનભાઈ શાહ એમ.એસ.સી. (સી.એ. અને આઈ.ટી.) કોલેજની વિદ્યાર્થીની પટેલ જુહી વિજયકુમારે યુનિવર્સિટી દ્વારા લેવાયેલ માર્ચ-જુન-૨૦૧૭ની સેમીસ્ટર-૨ના પરિણામમાં યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ ક્રમ મેળવી કોલેજનું ગૌરવ વધારેલ છે. આવી સુંદર સિદ્ધિ હાંસલ કરવા બદલ કોલેજ કેળવણી મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી, કોલેજના પ્રભારીમંત્રી અરવિંદભાઈ જે. મોદી તથા કોલેજના આચાર્ય પરિમલ એમ. શાહ અને સમગ્ર સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

# મોડાસા પીજીડીસીએ કોલેજના વિદ્યાર્થીઓ સેમ-૨ની પરીક્ષામાં મોખરે

મોડાસા, તા. ૨૦

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની તાજેતરમાં માર્ચ-એપ્રિલ-



૨૦૧૭માં લેવાયેલી પીજીડીસીએ. સેમ-૨ યુનિવર્સિટીની પરીક્ષામાં શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત ડૉ. એન.જે. શાહ પી.જી.ડી.સી.એ. કોલેજના વિદ્યાર્થીની પટેલ તેજલે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક, પટેલ બિનલે બીજો ક્રમાંક અને પટેલ અનંતે ચોથો ક્રમાંક મેળવી પી.જી.ડી.સી.એ. કોલેજનું ગૌરવ વધારેલ છે. વધુમાં આવી સુંદર સિદ્ધિ હાંસલ કરવા બાદલ કોલેજ



કેળવણી મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી, તથા ટ્રસ્ટી ડૉ. અરૂણભાઈ શાહ અને કોલેજના પ્રભારીમંત્રી અરવિંદભાઈ જે. મોદી તથા સુરેન્દ્રભાઈ જે. શાહે અભિનંદન પાઠવ્યા હતા. તેમજ કોલેજના આચાર્ય ડૉ. ભદ્રેશ પટેલ તથા સમગ્ર સ્ટાફમિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

# ધાનેરાના થવાર ગામ પાસે ગેસના બાટલા ભરેલી ટ્રક પલટી : સદનસીબે જાનહાની ટળી

ધાનેરાના થાવર ગામ પાસે વહેલી સવારે ગેસના બાટલા ભરેલી ટ્રક પલટી ખાતા લોકોમાં ભારે અફરા તફરી નો માહોલ જોવા મળ્યો હતો તો બીજી તરફ ધાનેરા પોલીસ અને ફાયર ફાયટર તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવતા લોકોએ રાહત ન શ્વાસ લીધો હતો.

જાણવા મળતી માહિતી અનુસાર સાણંદ થી ૪૫૦ ગેસ ની બોટલ ભરોઈ ને ટ્રક ભિન્નમાલ જય રહી હતી તે સમયે ધાનેરા તાલુકા ના થાવર ગામ પાસે ટ્રક અચાનક સ્ટીરીંગ લોક થઈ જતા ટ્રક પલટી ખાઈ ગઈ હતી અને લોકો આ જોઈ ગભરાઈ ગયા હતા લોકો ધ્વરા તંત્ર ને જાણ



કરતા ધાનેરા પોલીસ અને ફાયર ફાયટર ની ટિમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી તો બીજી તરફ કોઈ જાનહાની કે અણબનાવ ન બનતા લોકોએ તેમજ સ્થાનિક તંત્રએ રાહત નો શ્વાસ લીધી હતો.

# જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં મેલેરીયા મુક્ત ગુજરાત માટે મહેસાણા જિલ્લામાં સઘન આયોજન

મહેસાણા, તા. ૨૦

ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાંથી ૨૦૩૦ સુધીમાં મેલેરીયા મુક્ત ગુજરાત માટે અભિયાન હાથ ધરાયેલ છે. જ્યારે આજ અભિયાન ગુજરાત સરકારે મેલેરીયા મુક્તિ ગુજરાત ૨૦૨૨ હાથ ધરેલ છે. જેમાં ૨૦૨૨ સુધીમાં સમગ્ર રાજ્યને મેલેરીયા મુક્ત કરવામાં આવશે. આ અંગે મહેસાણા જિલ્લા કક્ષાએ સતત, સઘન અને સઘ્ન કામગીરી હાથ ધરાશે તેમ મહેસાણા જિલ્લા કલેક્ટર આલોકકુમારે આજે અત્રે યોજાયેલ સંકલન સમિતિની બેઠકમાં જણાવ્યું હતું.

જિલ્લા કલેક્ટર આલોકકુમારે આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, આ માટે સમગ્ર જિલ્લામાં વિવિધ સ્થાનોએ પાણીમાં ઉત્પન્ન થતા મેલેરીયાના મચ્છરોને દૂર કરવા લોક જાગૃતિની સાથોસાથ ખાસ સ્ટેટીક એક્શન પ્લાન તૈયાર કરાયેલ છે અને જુદી જુદી પદ્ધતિઓ દ્વારા મચ્છરોનો નાશ કરવામાં આવશે.

આ માટે અધિકારીઓની અને વિવિધ વિભાગોની એક ટીમ બનાવવામાં આવી હતી. અને આ કામગીરી સત્વરે હાથ ધરવા જણાવ્યુ હતુ. આ ઝુંબેશમાં મચ્છરોની ઉત્પત્તિ માટે કેમિકલ અને બાયોકેમિકલ પદ્ધતિ અપનાવવી, દરેક ઘરોની મોજણી કરવી, પોરાનાશક કામગીરી વધુ સઘન બનાવવી અને અઠવાડિયામાં એક દિવસ ડ્રાય ડે જાહેર કરવો વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

આજની સંકલન સમિતિની બેઠકમાં પંચાયતના તળાવો ઊંડા કરવા, આગામી ચોમાસાને ધ્યાનમાં રાખી પાણી જવાના માર્ગો સાફ કરવા, રસ્તા ઉપરથી ઝાડી ઝાંખરા દૂર કરવા અને ગરનાળા સાફ કરવા, ડ્રેનેજ લાઈન સાફ કરવી, વગેરે બાબતોનો સમાવેશ થાય છે.



## અડાઆઠમ પંચાલ સમાજ દ્વારા નોટબુકોનું વિતરણ

અડાઆઠમ પંચાલ સમાજ મોડાસા દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓને રાહતદરે નોટબુક વિતરણ કરીને મદદ કરવામાં આવે છે. આજે બજારમાં ૨૦૦ થી ૨૫૦ રૂપિયે ડઝન નોટો મળે છે. જ્યારે મોડાસા પંચાલ સમાજ માત્ર ૬૦ રૂપિયે ડઝનના ભાવે આપે છે અને મોડાસા તથા આજુબાજુના ગામના વિદ્યાર્થીઓ માર્કશીટ આપીને નોટો મેળવે છે. પંચાલ સમાજના કારોબારી સદસ્ય અશોકભાઈ પંચાલ (મોડાસા), ભરતભાઈ પંચાલ (લાકરોલ), કાન્તિભાઈ પંચાલ (ખંભીસર), છગનભાઈ પંચાલ (ખાખરીયા)ના વરદ હસ્તે નોટબુકોનું વિતરણ થયું હતું.

# અરવલ્લી જિલ્લા એનએસયુઆઈ દ્વારા આવેદનપત્ર અપાયુ

## ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના નાપાસ છાત્રોને સેમ.૫માં પ્રવેશ નહી આપવાના પરિપત્રનો વિરોધ મોડાસા બીએસસી કોલેજના આચાર્યને આવેદનપત્ર આપ્યું

અરવલ્લી, તા. ૨૦

પાટણ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.કોમ અને બીએસસી જેવા સ્નાતક કક્ષાના કોર્ષમાં યુનિવર્સિટીએ પરિપત્ર કરી આ બન્ને શાખામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સેમેસ્ટ-૧ અને સેમેસ્ટર-૨ પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને સેમેસ્ટર-૫માં પ્રવેશ આપવામાં આવેશે તેવો ૨૧-૪-૨૦૧૭ની સભામાં ઠરાવ કરી પરિપત્ર કરતા વિદ્યાર્થીઓના વર્ષ બગડે તેમ હોવાથી બન્ને શાખામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તે માટે અરવલ્લી જિલ્લા એનએસયુઆઈ સંગઠનના હોદ્દેદારોએ મોડાસા બીએચસી કોલેજના આચાર્યને આવેદનપત્ર આપી વિરોધ નોંધાવ્યો હતો. જો પરિપત્ર ૧૦૦/૨૦૧૭૨૬ કરવામાં નહિ આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેમ જિલ્લા પ્રમુખ નિતિરાજસીંહ પુવારે જણાવ્યું હતું.

પાટણ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બીકોમ અને બીએસસી જેવા સ્નાતક કક્ષાના કોર્ષમાં હજ્જારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે ત્યારે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના નવા પરિપત્ર મુજબ વિદ્યાર્થીઓને એક વર્ષ સુધી ઘરે બેસી રહેવાની ફરજ પડતી હોઈ અને મહત્વનું એક વર્ષ બગડતુ હોવાના પગલે નવો પરિપત્ર વિદ્યાર્થીઓના હિતમાં રદ્દ કરવાની માંગ સાથે એનએસયુઆઈ અરવલ્લી જિલ્લાના સદસ્યો દ્વારા મોડાસાની બીએસસી કોલેજના આચાર્યને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ પાટણ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.કામ., બીએસસીના સ્નાતક કક્ષાના કોર્ષમાં હજ્જારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. અને અગાઉ આજ વિદ્યાર્થીઓ સરળતાથી એક પણ વર્ષ બગાડ્યા વગર પોતાનો અભ્યાસ પુરો કરી શકતા હતા. પરંતુ તાજેતરમાં જ યુનિવર્સિટીના નવા પરિપત્ર મુજબ જે પણ વિદ્યાર્થી સેમ-૧ અને ૨ માં નાપાસ હશે તે વિદ્યાર્થીઓને સેમ.૫માં પ્રવેશ મળશે નહી તેવો પરિપત્ર કરતા ઘણા બધા વિદ્યાર્થીઓનું વર્ષ બગડે તેમ હોઈ અરવલ્લી જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ નિતિરાજસીંહ પુવાર, જય ભટ્ટ, જતીન રાવલ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ અને એનએસયુઆઈના હોદ્દેદારોએ આવેદનપત્ર આપ્યું હતું.

# બનાસકાંઠા જિલ્લા ગુરૂ બ્રાહ્મણ સમાજનો સાતમો સમૂહલગ્નોત્સવ યોજાયો

બનાસકાંઠા જિલ્લા ગુરૂ બ્રાહ્મણ સમાજનો સાતમો સમૂહલગ્નોત્સવ પાલનપુર ખાતે સમાજના રાજ્યકક્ષાના પ્રમુખ ગૌતમભાઈ ગેડિયાના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયતના પ્રમુખ દિનેશભાઈ દવે અને ધારાસભ્ય મહેશભાઈ પટેલના મુખ્ય મહેમાન પદે યોજાઈ ગયો.

૧૩ જેટલા નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. લગ્નવિધિ પવિત્રબંધુએ કરાવી હતી. આર્શીવચન વરનદાસજી શુક્લએ આપ્યા હતા.

ગુરૂ બ્રાહ્મણ સમાજ બનાસકાંઠા દ્વારા આયોજિત આ સમૂહલગ્નમાં ઉદ્ઘાટક તરીકે ડૉ. આંબેડકર એત્યોદય વિકાસ નિગમના ચેરમેન પી.જે. પંડ્યા હાજર રહ્યા હતા. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ મુકેશભાઈ શ્રીમાળી, જિલ્લા પંચાયત સદસ્ય બાલકૃષ્ણ જીરાલા, સમસ્ત બ્રાહ્મ સમાજના પ્રમુખ શૈલેષભાઈ જોષી વડગામના માનસંગભાઈ, યાસીનભાઈ ખોખર, થર્મલ પાવર સ્ટેશન કડાણાના પ્રકાશ જોષી, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મુકેશચંદ્ર ત્રિવેદી, રેલભવન નવી દિલ્હીના પી.વાઈ નટવરલાલ શ્રીમાળી ઉપસ્થિત રહ્યા હતા. સહાયક માહિતી નિયામક (નિ) ભાનુપ્રસાદ દવે, બિલ્ડર રાવજીભાઈ પટેલ (ઝુંડાલ), રાયચંદભાઈ પટેલ, નરેન્દ્રભાઈ શ્રીમાળી, મૂળજીભાઈ શ્રીમાળી, ગણપતભાઈ શ્રીમાળી, પિત્તળના બેડા, કાંસાની થાળી, તાંબાના લોટા, અને દીપક બાજઠના દાતા કુંભાસણ નિવાસી સંતોકબેન અને કમળાબેન તિજોરીના, શેટી, પલંગ, પાનેતર પાયલ-મંગલસૂત્ર, સોનાની ચુની સહિત ચીજવસ્તુઓના દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.